GUJARATI

# NHS કેવી રીતે કાર્ય કરે છે: સ્થળાંતર કરનારાઓ માટે માર્ગદર્શિકા

DOCTORS OF THE WORLD

Bevan
Inclusive Health and Wellbeing

111

તમે નિઃશુલ્ક સ્વાસ્થ્ય માહિતી અને સલાહ મેળવવા માટે 24 કલાક સેવા 111 ડાયલ કરીને NHS ફ્રી ફોન લાઇનનો સંપર્ક કરી શકો છો. તમે "interpreter please (કૃપા કરીને દુભાષિયા)" કહીને તમારી ભાષામાં દુભાષિયા માટે પૂછી શકો છો.

## ફાર્મસી → બેઝિક દવાઓ

ફાર્માસિસ્ટ્સ ખાંસી, શરદી, ગળામાં દુખાવો, પેટની સમસ્યા અને પીડા જેવી અનેક નાની બીમારીઓ માટે ક્લિનિકલ સલાહ અને દવાઓ આપી શકે છે. ફાર્માસિસ્ટ તમને જણાવશે કે તમારે ડૉક્ટરની મુલાકાત લેવાની જરૂર છે કે નહીં અથવા તમને જરૂરી સહાય મળે તેની ખાતરી કરવા માટે તમને બીજા આરોગ્ય સંભાળ વ્યાવસાયિકો તરફ દોરી જવાની જરૂર છે કે નહીં. તમે ફાર્મસી અથવા સુપરમાર્કેટમાંથી નાની બીમારીઓ કે પ્રાથમિક સારવાર માટેની દવાઓ પણ ખરીદી શકો છો; નજીકની ફાર્મસી શોધવા માટે, અહીં જાઓ: www.nhs.uk/service-search/pharmacy/find-a-pharmacy

## ડેન્ટિસ્ટ્સ અને ઓપ્ટિશિયન્સ → દાંત અને આંખની સંભાળ

- ડેન્ટિસ્ટ શોધો www.nhs.uk/service-search/find-a-dentist
- ઓપ્ટિશિયન શોધો www.nhs.uk/using-the-nhs/nhs-services/opticians/

જો તમારા દાંતમાં દુખાવો થતો હોય તો તમારે તરત જ દંત ચિકિત્સા સેવાઓ માટે 111 પર કોલ કરવો જોઈએ

## GP પ્રેક્ટિસ અથવા મેડિકલ સેન્ટર → મેડિકલ મેનેજમેન્ટ, લાંબા ગાળાની સંભાળનું સંકલન અને હોસ્પિટલના નિષ્ણાતોની સુલભતા

GP તબીબી સલાહ આપી શકે છે, નિદાન આપી શકે છે અને દવાઓ લખી આપી શકે છે.
ઘણી શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને લગતી બાબતો માટે તેઓ તમારો પ્રથમ સંપર્ક હોઈ શકે છે. GP પ્રેક્ટિસ તમારી લાંબા ગાળાની આરોગ્ય સંભાળના સંકલન અને સંચાલન માટે પણ જવાબદાર હોય છે અને જો તમને વધુ વિશિષ્ટ હોસ્પિટલ સેવાઓની જરૂર જણાય તો તેઓ તમને આ સેવાઓનો સંદર્ભ પણ આપી શકે છે. તમારી હાલની સ્વાસ્થ્યની જરૂરિયાતોને પહોંચી વળવા માટે GP પ્રેક્ટિસ સાથે નોંધણી કરાવવી શ્રેષ્ઠ છે.
www.nhs.uk/nhs-services/gps/how-to-register-with-a-gp-surgery/

## સામુદાયિક આરોગ્ય સેવાઓ → ગર્ભાવસ્થા, બાળ સ્વાસ્થ્ય, ગર્ભનિરોધક સેવાઓ

કેટલીક આરોગ્ય સેવાઓ સમુદાયમાં એક્સેસ કરવામાં આવે છે, હોસ્પિટલોમાં નહીં. જેમાં માનસિક આરોગ્ય, બાળ આરોગ્ય અને પ્રસૂતિ પહેલાંની સેવાઓ અને જાતીય સ્વાસ્થ્ય અને કુટુંબ નિયોજન ક્લિનિક્સનો સમાવેશ થાય છે.

## વોક-ઇન અથવા તાત્કાલિક સારવાર કેન્દ્રો → નાની ઇજાઓ અથવા તાત્કાલિક તબીબી સલાહ

જો તમને નાની-નાની ઇજાઓ જેમ કે ચીરા, મચકોડ અને નાનું ફ્રેક્ચર અથવા તાત્કાલિક તબીબી સલાહ માટે તાત્કાલિક તબીબી સંભાળની જરૂર હોય, તો તમે એપોઇન્ટમેન્ટ લીધા વિના વોક-ઇન અથવા તાત્કાલિક સંભાળ કેન્દ્ર પર સીધા જ જઈ શકો છો. આ કેન્દ્રો સામાન્ય રીતે દિવસ દરમિયાન ખુલ્લા હોય છે.

## કટોકટી સેવાઓ → તબીબી કટોકટી અથવા જીવલેણ પરિસ્થિતિ

999

જો કોઈ ગંભીર રીતે બીમાર અથવા ઘાયલ છે અને તેમના જીવને જોખમ છે, તો 999 પર કોલ કરો. ટેલિફોન ઓપરેટર આગળ શું કરવું અથવા ક્યાં જવું તે વિશે સલાહ આપશે. દર્દીને સારવાર આપવા અથવા હોસ્પિટલમાં લઈ જવા માટે એમ્બ્યુલન્સ મોકલવામાં આવી શકે છે. હોસ્પિટલ એક્સિડન્ટ એન્ડ ઇમરજન્સી (A&E) વિભાગો વર્ષ દરમિયાન દરરોજ 24 કલાક ખુલ્લા રહે છે. તમે આ સેવાઓ સીધી જ અને મુલાકાત વિના પણ મેળવી શકો છો
www.nhs.uk/nhs-services/urgent-and-emergency-care-services/when-to-call-999/

## ગંભીર માનસિક સ્વાસ્થ્ય → આત્મહત્યાના વિચારો અથવા પોતાની જાતને ગંભીર નુકસાન કરવું

જો તમે તમારી જાતને ગંભીર રીતે નુકસાન પહોંચાડ્યું હોય અથવા તેમ કરવા જઈ રહ્યા હોવ, તો એમ્બ્યુલન્સ બોલાવા માટે 999 ને કોલ કરો અથવા સીધા A&E પર જાઓ. જો તમે આત્મહત્યા કરવા માટે વિચારી રહ્યા છો, તો સમરિટન્સમાં 116 123 પર ફોન કરીને કોઈની સાથે વાત કરો.

# આરોગ્ય સંભાળના તમારા અધિકારો: સ્થળાંતર કરનારાઓ માટે માર્ગદર્શિકા

## દરેકને GP (જનરલ પ્રેક્ટિશનર) સાથે નોંધણી કરાવવાનો અધિકાર છે

**আপনার ঠিকানার প্রমাণপত্র, অভিবাসন স্থিতি, আইডি বা NHS নম্বরের প্রয়োজন নেই।**


તમારે સરનામા, ઇમિગ્રેશન સ્ટેટસ, ID અથવા NHS નંબરના પુરાવાની જરૂર નથી.
તમારી નજીકની GP પ્રેક્ટિસ શોધો અને ઓનલાઇન નોંધણી કરો.
www.nhs.uk/nhs-services/gps/how-to-register-with-a-gp-surgery/




જો તમને GP સાથે નોંધણી કરવામાં મુશ્કેલી આવી રહી હોય તો તમે:

- GP એક્સેસ કાર્ડ ડાઉનલોડ કરી શકો છો અને તેને GP રિસેપ્શનિસ્ટને બતાવો www.doctorsoftheworld.org.uk/gp-access-cards/
- મદદ માટે NHS ઇંગ્લેન્ડ (0300 311 22 33) અથવા ડોક્ટર્સ ઓફ ધ વર્લ્ડ (0808 1647 686) ને ફોન કરી શકો છો







## આ સ્વાસ્થ્ય સેવાઓ દરેક માટે મફત છે

- GP સલાહ અને સારવાર
- સેવાઓ કે જે NHS 111 ટેલિફોન સલાહ લાઇનના ભાગ તરીકે આપવામાં આવે છે
- A&E વિભાગ, વોક-ઇન સેન્ટર, નાની ઇજાઓ યુનિટ અથવા તાત્કાલિક સંભાળ કેન્દ્રમાં પૂરી પાડવામાં આવતી અકસ્માત અને ઇમરજન્સી સેવાઓ
- કેટલાક ચેપી અને જાતીય રોગોનું નિદાન અને સારવાર
- કોવિડ -19 તપાસ, નિદાન, સારવાર અને રસીકરણ માટે આપવામાં આવતી NHS સેવાઓ
- કુટુંબ નિયોજનની સેવાઓ (ગર્ભનિરોધક)
- ટોર્ચર, સ્ત્રી જનનાંગોના વિકૃતીકરણ, ઘરેલુ હિંસા અથવા જાતીય હિંસાને લીધે થતી શારીરિક અથવા માનસિક સ્થિતિની સારવાર




## નિષ્ણાતની આરોગ્ય સેવાઓ આના માટે પણ મફત છે:

- **શરણાર્થીઓ**
- **આશ્રય શોધનારાઓ**
- **આધુનિક ગુલામીનો ભોગ બનેલા અથવા શંકાસ્પદ પીડિતો**
- **આશ્રિતો**



જે લોકોની આશ્રય માટેની અરજી નકારવામાં આવી છે તેઓને હજી પણ મફત NHS સેવાઓની ઍક્સેસ મળી શકે છે. તમને નિ:શુલ્ક આરોગ્ય સેવા મળે તેમ છે કે નહીં તે ચકાસો.
www.gov.uk/guidance/nhs-entitlements-migrant-health-guide

પ્રિસ્ક્રિપ્શનમાં લખેલી દવાઓ, દાંત અને આંખની સંભાળ સામાન્ય રીતે ઇંગ્લેન્ડમાં મફત હોતી નથી, પરંતુ હોમ ઓફિસ દ્વારા આર્થિક સહાય પૂરી પાડવામાં આવતા આશ્રય શોધનારાઓને આ આરોગ્ય ખર્ચમાં સંપૂર્ણ મદદ મેળવવા માટે HC2 પ્રમાણપત્ર આપવામાં આવશે. કોઈપણ વ્યક્તિ આ સપોર્ટ માટે અરજી કરી શકે છે, કેવી રીતે અરજી કરવી તે અંગે વધુ સલાહ જુઓ.
www.gov.uk/guidance/nhs-entitlements-migrant-health-guide



UK Health Security Agency

આમની સાથે ભાગીદારીમાં

MAYOR OF LONDON

NHS

March 2022